# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


---

**અખબારી યાદી** **તા. ૨૯-૧૦-૨૦૨૨**

- **ગુજરાત કોંગ્રેસના આગેવાનશ્રીઓએ શ્રી જગતગુરુ શંકરાચાર્ય દ્વારકા શારદાપીઠાધીશ્વર સ્વામીશ્રી સદાનંદ સરસ્વતી મહારાજના અધ્વેત આશ્રમ ખાતે આશીર્વાદ મેળવ્યાં.**
- **ગુજરાત અને દેશ સુખાકારી અને પ્રગતિના માર્ગ ઉપર આગળ વધે તેના માટે કામના કરીઃ જગદીશ ઠાકોર**

આજ રોજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સ્ક્રીનીંગ કમીટીના ચેરમેનશ્રી રમેશ ચેનીથલ્લા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર, પૂર્વ પ્રદેશ પ્રમુખશ્રી સિધ્ધાર્થ પટેલ, શ્રી અર્જુન મોઢવાડીયા, રાજ્યસભાના સાંસદશ્રી અમીબેન યાજ્ઞિક, પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ અને ધારાસભ્યશ્રી હિંમતસિંહ પટેલ, વિધાનસભાના ઉપનેતાશ્રી શૈલેષ પરમાર, ધારાસભ્યશ્રી ગ્યાસુદ્દીન શેખ, ધારાસભ્યશ્રી ઈમરાન ખેડાવાલા, અમદાવાદ શહેરના પ્રમુખશ્રી નીરવ બક્ષી, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના નેતાશ્રી શહેઝાદખાન પઠાણ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ પંકજ શાહ, શ્રી બિમલ શાહ, રાષ્ટ્રીય પ્રવક્તાશ્રી રોહન ગુપ્તા, મીડીયા કોર્ડીનેટરશ્રી હેમાંગ રાવલ, મીડીયા પેનાલીસ્ટ ડૉ. અમીત નાયક સહિત આગેવાનો અને કાર્યકરોએ શ્રી જગતગુરુ શંકરાચાર્ય દ્વારકા શારદાપીઠાધીશ્વર સ્વામીશ્રી સદાનંદ સરસ્વતી મહારાજના અધ્વેત આશ્રમ ખાતે આશીર્વાદ મેળવ્યાં હતાં.

આ પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, "સનાતન ધર્મએ હંમેશા આપણી સંસ્કૃતિને ભાઈચારાનો રસ્તો દર્શાવ્યો છે. આજે અધ્વેત આશ્રમમાં આવીને શંકરાચાર્યજીના દર્શનનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે અને તેમની પાસે ગુજરાત અને દેશ સુખાકારી અને પ્રગતિના માર્ગ ઉપર આગળ વધે અને દેશમાં કોઈ દુઃખી ના રહે તેના માટે કામના કરીને આશીર્વાદ મેળવ્યાં છે."

હેમાંગ રાવલ
મીડીયા કોર્ડીનેટર